## વડીલોને વંદન અભિનંદન



સોની મંજુલાબેન પી.
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૩૫૪



જીતેન્દ્રસિંહ એ. વાઘેલા
(૧૯૬૩) મો. ૯૯૭૯૨૦૫૧૭૯



લીલાવતીબેન સી. શાહ
(૧૯૪૧) ફોન: ૨૩૨૬૦૫૮૨

# આઉટ સોર્સીંગથી લેવાતી સેવાઓ અંગે નવી નીતિ ઘડવાની સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૯

સરકારી કચેરીઓમાં આઉટ સોર્સીંગથી સેવાઓ લેવા માટે એક ચોક્કસ નીતિ ઘડવાની સક્રિય વિચારણા રાજ્ય સરકારે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વહીવટમાં પારદર્શિતા લાવવાના ભાગરૂપે કામકાજની પદ્ધતિમાં સીસ્ટમીક ઈમ્પ્રુવમેન્ટની અનિવાર્યતા પર રાજ્યના તકેદારી આયુક્તે ભાર મુકીને રાજ્ય સરકારના કેટલાક વિભાગો દ્વારા આ દિશામાં હાથ ધરેલા પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

થોડા સમય અગાઉ મળેલી એક ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં તકેદારી આયુક્તે એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે કેટલાક વિભાગો પણ આ દિશામાં પ્રયત્ન હાથ ધરે તે જરૂરી છે. આઉટ સોર્સિંગથી જે સેવાઓ લેવામાં આવે છે તે બાબતે ચોક્કસ નીતિ ઘડવા માટેનું સૂચન કર્યું હતું.

આઉટ સોર્સીંગથી લેવાતી સેવા માટે ચોક્કસ નીતિ ઘડવાથી રાજ્ય સરકારના નાણા વેડફાઈ ન જાય તે દિશામાં પ્રયત્નો કરવા પણ વિભાગોના વડાઓને સૂચન કર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતા કામોમાં ગુણવત્તા જળવાય તે માટે કેટલાક વિભાગોએ તકેદારી આયોગના પરમાર્શમાં લીધેલા પગલાની પ્રશંસા કરી અન્ય વિભાગોને આ દિશામાં પ્રયત્નો કરવા પણ વિભાગોને વિંતી કરી હતી.

તકેદારી આયુક્તે કરેલા સૂચનને પગલે આઉટ સોર્સીંગથી લેવાતી સેવાઓ અંગે એક ચોક્કસ નવી નીતિ ઘડવાની દિશામાં રાજ્ય સરકારે વિભાગો પાસેથી વિગતો માંગીને નીતિ ઘડવા માટેની પ્રક્રિયા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ તકેદારી આયુક્તે આ બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા હાથ ધરાતા આવા કામો અંગે ગુણવત્તા નિશ્ચિત કરવાની દિશામાં યોગ્ય તે પગલા ભરવા પણ સૂચન કર્યું હતું.

## વિદ્યાર્થીઓએ 'ખરી કમાઈ' કરી સેવા દિન ઉજવ્યો

'ખરી કમાઈ' કોને કહેવાય તેનો અનુભવ એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાની બાળાઓએ આજે 'સેવા દિન' ઉજવીને કર્યો હતો. આ બળાઓએ રૂ. ૧૪૭૯૦નો ફાળો એકત્ર કરી સે-૨૮ની મુકબધિર શાળાના બાળકોને ફુલ સ્કેપ ચોપડાં, સે-૧૬ની અંધ શાળાને ૨૦ લીટરનું કુકર તેમજ અન્ય વાસણો તેમજ તમામ છાત્રોને કચરિયાનું વિતરણ કર્યું હતું. આ સેવા પ્રવૃત્તિ કરતાં બ્હેરાં-મુંગા-અંધ બાળકોના ચહેરાં પર ફેલાયેલી ખુશીની લહેર અને નિર્દોષ હાસ્ય એ જ આ બાળાઓને થયેલી 'ખરી કમાઈ'.

# બોરવાઈ ગામે લાકડાના કેબીનમાં આગ ચાંપી દેવાઈ

### ધનસુરા પોલીસને ફરિયાદ લેવાનો સમય નથી : રૂ. ૩૦ હજારનો મુદ્દામાલ બળીને ખાખ

વડાગામ, તા. ૧૯

વડાગામ ધનસુરા માર્ગ પર બોરવાઈ ગામના બસ સ્ટેન્ડ પાસે ઓલ લાકડાના કેબીનને કેટલાક ઈસમોએ આગ ચાંપી દેતા કેબીન બળીને ખાખ થઈ ગયું હતું. જો કે આગ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ ધનસુરા માર્ગ પર બોરવાઈ ગામ આવેલ છે. જ્યાં બસ સ્ટેન્ડ પાસે રહેતા મહેન્દ્રભાઈ (ધુરૂભાઈ) ગોકળભાઈ પરમાર નજીકમાં જ લાકડાનું નાનુ કેબીન નાખી ધંધો રોજગાર મેળવી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. દરમિયાન ગતરોજ કેટલાક ઈસમોએ આ ગરીબની રોજી રોટી લાકડાના કેબીનને આગ ચાંપી દેતા જોતજોતામાં કેબીન મિનિટોમાં બળીને ખાખ થઈ ગયું હતું. નજીકમાં રહેતા કેબીન માલિકને ખબર પડતા તેઓ તુરંત પરીવાર સાથે દોડી આવ્યા હતા અને રોજગારીનું એક માત્ર એકમ કેબીન બળી જતા તેની સાથે અંદાજે ૩૦,૦૦૦ નો માલસામાન પણ બળી ગયો હતો. જો કે આ કેબીનમાં વીજળીનું કોઈ જોડાણ ન હોવાથી કોઈ ઈસમે જાણી જોઈ આગ ચાંપી હોય તેવું માલિક જણાવી રહ્યા છે.

આગ મામલે કેબીન માલિકે ધનસુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસને આ ગરીબ શ્રમીકની ફરિયાદ લેવાનો પણ સમય નથી પરિણામે માલિક મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. અને ન્યાયની માંગ કરી રહ્યો છે.



(તસવીર : આશારામ રાવલ, શિહોરી)

## શિહોરીમાં ૨૧મીએ કૃષિ મહોત્સવ યોજાશે

ગુજરાતમાં કૃષિ મહોત્સવની શાનદાર ઉજવણી થઈ રહી છે. ત્યારે બનાસકાંઠાના કાંકરેજ તાલુકામાં શિહોરી ખાતે આગામી ૨૧મીએ કૃષિ મહોત્સવ યોજાશે. આ કૃષિ મહોત્સવમાં ખેતીવાડીના ૯૦ લાભાર્થીને અંદાજે ૧૩ લાખ, બાગાયાતના ૧૨ લાભાર્થીને ૧.૧૦ લાખ, પશુપાલનના ૨ લાભાર્થીને ૪૦,૦૦૦, સહાય આપવામાં આવશે. ઉપરાંત અનેક વિકાસ કામોને મંજૂરી આપવામાં આવશે તેની યાદી તૈયાર કરવામાં આવી છે.

## માર્ગ-મકાન વિભાગની ટીમ શિક્ષણ વિભાગને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સે. ૨૧ જીમખાના ખાતે રમાઈ રહેલી સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં માર્ગ અને મકાન વિભાગની ટીમે શિક્ષણ વિભાગને પરાજય આપી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે. આ મેચમાં શિક્ષણ વિભાગે પહેલા બેટીંગ કરતા ઈમ્તીયાઝ ભગતના ૪૦ રન અને રવેસિંહ પરમારના ૨૫ રન સાથે કુલ ૧૩૦ રન નોંધાવ્યા હતા. માર્ગ મકાન વિભાગ વતી વી.ડી. પટેલે ૩ વિકેટ અને હિતેષ અંધારિયા, ફિરોઝ અને મુકેશે ૨-૨ વિકેટ ઝડપી હતી. માર્ગ મકાન વિભાગે મેન ઓફ ધ મેચ મેઘરાસિંહના ૪૫ રન અને મહારૂફ પઠાણના ૩૫ રનની મદદથી શિક્ષણ વિભાગ સામે ૫ વિકેટે વિજય મેળવી સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવીલીધો હતો.

## એગોન રેલિગેર લાઈફ ઈન્શ્યોરન્સ રજૂ કરે છે પ્રીમિયમ એન્ડોવમેન્ટ ઈન્શયોરન્સ પ્લાન

એગોન રેલિગેર લાઈફ ઈન્શ્યોરન્સ (એઆરએલઆઈ) એ આજે એગોન રેલિગેર પ્રીમિયમ એન્ડોવમેન્ટ ઈન્શયોરન્સ પ્લાનના લોંચની જાહેરાત કરી છે. આ પ્લાન ડિસેમ્બરના ત્રીજા સપ્તાહથી વેચાણ માટે ઉપલબ્ધ છે. મધ્યમથી લાંબા ગાળાના ધ્યેય હાંસલ કરવા માટે ગેરેન્ટેડ બચતમાં ઉમેરો કરવા માગતા ગ્રાહકોને ધ્યાનમાં રાખી આ પ્લાન રજૂ કરવામાં આવ્યો છે.

સાદી પ્રોડટસ રજૂ કરવાની એગોન રેલિગેરની પ્રોડકટ ફિલોસોફીને ધ્યાનમાં રાખતા એગોન રેલિગેર પ્રીમિયમ એન્ડોવમેન્ટ ઈન્શયોરન્સ પ્લાન ગ્રાહકોને પ્રીમિયમ પેમેન્ટની મુદત દરમિયાન ૨ વર્ષે સમ એશ્યોર્ડના પાંચ ટકાની નિશ્ચિત વધારાની રકમ ઓફર કરે છે. સમગ્ર પોલિસી ટર્મ દરમિયાન, જીવન કવચ ઉપરાંત આ પ્લાનમાં પહેલાં જ વર્ષથી બોનસના સ્વરૂપમાં દર વર્ષે બેનિફિટ રકમમાં પણ વધારો થાય છે.

## ભરતીની સિઝનમાં ફોર્ચ્યુન દ્વારા બાસમતી ચોખાની રજૂઆત

ગ્રાહકોને ભરતીની સિઝનમાં બાસમતીની બહેતર પસંદગી પૂરી પાડવા ભારતની નં. ૧ કુકીંગ ઓઈલ બ્રાન્ડ ફોર્ચ્યુને બાસમતી ચોખાના બજારમાં પ્રવેશ કર્યો છે.

ભરતીની સિઝનમાં ઉત્તમ ગુણવત્તા અને ધોરણ ધરાવતા બાસમતી ચોખા મળી રહે તે માટે ઘણી ગૃહિણીઓ બ્રાન્ડેડ બાસમતી ચોખા પસંદ કરતી હોય છે. અમદાવાદની ગૃહિણી તન્વી શાહ જણાવે છે કે 'હું વર્ષોથી ફોર્ચ્યુન ઓઈલનો ઉપયોગ કરી રહી છે. તે મારા પરિવારને તંદુરસ્ત અને સક્રિય રાખવામાં સહાય કરે છે. આથી જ્યારે મેં સાંભળ્યું કે ફોર્ચ્યુન બહેતર ગુણવત્તા ધરાવતા બાસમતી ચોખા લઈને આવ્યું છે ત્યારે મેં આવતા ૧૨ મહિના માટેનો સ્ટોક ભરી લીધો. મને વિશ્વાસ છે કે હું મારા પરિવારને સારી ગુણવત્તા ધરાવતા ભાત સમગ્ર વર્ષ દરમ્યાન પિરસી શકીશ.'

અદાણી વિલ્મર લિમિટેડના સીઈઓ શ્રી અતુલ ચતુર્વેદી જણાવે છે કે 'ફોર્ચ્યુન તેની સુપિરિયર ક્વોલિટી માટે જાણીતું છે. અમારા નિષ્ણાંતો બાસમતી ઉગાડતા પંજાબ અને હરિયાણા જેવા વિસ્તારોમાંથી બાસમતી ડાંગરની ઉત્તમ ગુણવત્તા પસંદ કરે છે. તેનાથી બાસમતી ચોખાનો એક સરખો સ્વાદ, ક્રિમી વ્હાઈટ કલર અને લાંબો દાણો મળી રહે છે.

બાસમતી ચોખા માટેની ડાંગર કાળજીપુર્વક પસંદ કરવામાં આવેછેઅને તેના છોડાં ઉતારવાની પ્રક્રિયા ગ્રેડીંગ કરીને તેને આધુનિક કલર શોર્ટીંગ મશીનથી તેના અદ્યતન મિલીંગ પ્લાન્ટમાં શોર્ટીંગ કરવામાં આવે છે. તેને હાઈ ક્વોલિટી મટિરિયલમાં પેક કરવામાં આવેછે, જેથી તે સમગ્ર વર્ષ દરમ્યાન એક સરખો સ્વાદ પૂરો પાડી શકે. ફોર્ચ્યુને પરંપરાગત બાસમતી ચોખા ભરતીની આ સિઝનમાં રજૂ કર્યા છે.

# ખેડબ્રહ્મા-લક્ષ્મીપુરા માર્ગ પર ટ્રકની ટક્કરે ત્રણ બાઈકસવારને ગંભીર ઈજા

લક્ષ્મીપુરા, તા. ૧૯

ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા માર્ગ પર બેફામ ગતિએ દોડી આવતી ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવાર બે ઈસમો સહિત ત્રણને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જો કે ટ્રક ચાલક ટક્કર મારી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના મહેશ પટેલ હર્ષ સુથાર અને માનવ ચૌધરી બાઈક પર સવાર થઈ માર્ગ પર જઈ રહ્યા હતા. દરમિયાન બેફામ ગતિએ દોડી આવતી ટ્રક નં. જીજે-૨૪-વી-૦૦૬૨ ના ચાલકે માર્ગ પર આગળ પસાર થતા બાઈકને ટક્કર મારતા ત્રણેય બાઈક સવારોને કચડી નાખ્યા હતા. જેમાં ત્રણેય ઘાયલોની લોહીયાળ હાલતમાં ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ટ્રકચાલક ગંભીર અકસ્માત સર્જી ઘટના સ્થળથી ટ્રક લઈ ફરાર થઈ ગયો હતો.

વારંવાર બનતા માર્ગ અકસ્માતને લઈ સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે અને બેફામ ગતિએ દોડતી ટ્રક સામે પોલીસ કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. આ અકસ્માત સંદર્ભે હર્ષ વિઠ્ઠલભાઈ સુથારે ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, મોડાસા)

## માણસની ગતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી. આ સ્તોત્રમાં ભક્તિનું અનેરૂ મહત્વ છે તેનો ખ્લાય આપ્યો. સમદર્શન આશ્રમ આયોજિત પૂજ્ય ગુરૂમા સમાનંદજીના 'ભજગોવિન્દમ્' સ્તોત્ર પરના જ્ઞાનયજ્ઞમાં મનનીય પ્રવચનોનો શુભારંભ ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્ર અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષશ્રી કૃષ્ણકાન્ત જહા તથા કડી સર્વ વિદ્યાલય યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી સુર્યક્રિષ્નાજીની પ્રેરક ઉપસ્થિતિમાં થયો. દરરોજ સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમ્યાન યોજાનાર આ જ્ઞાનયજ્ઞને ગાંધીનગરના વાયબ્રન્ટ સમિટ સાથે સરખાવતા શ્રી કૃષ્ણકાન્ત જહાએ ખાસ ઉલ્લેખ કર્યો કે જેવી રીતે વાયબ્રન્ટના એમઓયુ ખુબ મહત્વના છે તેવી જ રીતે પૂજ્ય ગુરૂમાના ચિંતનાત્મક અને સરળ શબ્દોમાં અપાતા બોધથી ગાંધીનગરના ભક્તજનો સાથે કર્મ, ભક્તિ અને જ્ઞાનના એમઓયુ એટલાં જ મહત્વના છે. ગાંધીનગરમાં આધ્યાત્મિક ચેતના જગાવનાર પૂજ્ય ગુરૂમાએ ગાંધીનગરના નગરજનોના હૃદયમાં જે માનભર્યું સ્થાન મેળવેલ છે તેનો ઉલ્લેખ કરી પ્રતિવર્ષ આવો જ્ઞાનયજ્ઞ યોજાય તેવી માંગણી પણ કરી.

## શબ્દાવલી - ૫૫૯૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | | |
| | ■ | | ■ | ૮ | | | |
| | ■ | ૯ | ૧૦ | | ■ | ■ | ■ |
| ■ | ૧૧ | | | | ■ | ૧૨ | ૧૩ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | | | ■ | | ■ | |
| ૧૭ | | ■ | ■ | ૧૮ | | | |

**આડી ચાવી**

૧. રીબાવવું (૫)
૪. ખારું ખારું... જેવું (૨)
૬. વાળની સેર (૨)
૭. સરસ (૩)
૮. કસરત, પરેડ (૪)
૯. લાઇન, કતાર (૪)
૧૧. ઝરણું, પ્રવાહ (૪)
૧૨. માનતા (૨)
૧૪. વજન (૨)
૧૫. માહ્ય, બહારનું વિરોધી (૩)
૧૬. રસોઇની વિવિધતા (૩)
૧૭. રીંગણનું ભરતું કે ભરત (૨)
૧૮. જીણો તાવ (૪)

**ઊભી ચાવી**

૧. ચોરી, ઉઠાંતર (૪)
૨. પાલન કરનાર (૫)
૩. મોભો (૨)
૪. ઉગવું તે (૩)
૫. હોડ બકવી, .. મારવી (૩)
૭. મૃત વ્યક્તિ પાછળ કરાતી એક વિધિ (૩)
૮. આવક (૩)
૧૦. મોકલવું તે (૪)
૧૧. વતાકાર, ઉમેરવું (૪)
૧૨. ઓછું કરવું, .... કરવું (૨)
૧૩. તીક્ષ્ણ ધારવાળુ (૪)
૧૫. અન્ન-જળ (૩)

### શબ્દાવલી ૫૫૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિદ્યય (૩) ધાક (૬) તીડીમાર (૮) દાડમડી (૧૦) વસાણુ (૧૧) ટીકીટ (૧૨) વાણુ (૧૩) ખાર (૧૫) દાદાગીરી (૧૮) દમન (૨૦) ચકચાર (૨૧) તારવણી

**ઊભી ચાવી :-** (૨) વિપદા (૨) યતીમ (૩) ધામા (૪) કરવટ (૫) ચવાણુ (૭) ડીડીટી (૯) ડફણું (૧૨) વાગદતા (૧૪) રબારણ (૧) દાનવ (૧૬) ગીચ (૧૭) રીકબે (૧૯) મર

## ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય અગરબત્તી ટેક એક્ષ્પો ૨૦૧૪નું ભવ્ય આયોજન

ગુજરાત અગરબત્તી મેન્યુફેકચરર્સ એન્ડ ડીલર્સ એસો. (ગામડા)ના અધિકારીઓ દ્વારા સંસ્કાર કેન્દ્ર પાલડી અમદાવાદ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરનું ભવ્ય ત્રિદિવસીય અગરબત્તી ટેક એક્ષ્પો-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત અગરબત્તી મેન્યુફેકચરર્સ એન્ડ ડીલર્સ એસો.ના પ્રેસિડન્ટ શ્રીમાન દેવજીભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, હાલમાં આપણાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દેશને 'મેક ઈન ઈન્ડિયા'નો વિચાર આપેલ છે. અમારી ઈન્ડસ્ટ્રી પણ તેનો ભાગ બને તે માટે સ્વદેશી ટેકનોલોજીનો વિકાસ થાય તે હેતુથી અમો એ આ અગરબત્તી ટેક એક્ષ્પો ૨૦૧૪નું આયોજન કરેલ છે. અમોએ આ ઉદ્યોગ સાથે સંકળાયેલ દેશ અને વિદેશના તમામ વ્યકિતઓને એક પ્લેટફોર્મ પર ભેગા કરી ટેકનોલોજી વિશે વિચાર વિમર્શ કરવાનો અવસર પૂરો પાડેલ છે.


## ડીસા નગર સેવા સદન

### જાહેરાત

ડીસા નાગરપાલિકા વિસ્તારમાં વિકાસ કામોનું સર્વે / પ્લાન / એસ્ટીમેટની કામગીરી માટે અનુભવી અને નગરપાલિકાઓમાં કામગીરીના અનુભવ હોય તેવા કન્સલ્ટન્ટ તથા આર્કિટેક પ્લાનીંગ કામ કરતાં અનુભવો અને કાઉન્સીલ ઓફ આર્કિટેકમાં રજીસ્ટર થયેલા કામનો બહોળો અનુભવ ધરાવતાની નિમણુંક જે તે કામ પુરતી કરવાની હોઈ આ અંગે રસ ધરાવતા ઈસમોએ જરૂરી પ્રમાણપત્રો / અનુભવના પ્રમાણપત્રો સાથે તા. ૨૬/૧૨/૨૦૧૪ સુધી નગરપાલિકા કચેરીએ અરજી રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવા જણાવવામાં આવે છે.

ડીસા નગરપાલિકા
ડીસા તા. ૧૮/૧૨/૨૦૧૪

(હેમંત બી. પટેલ)
મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

(શ્રીમતી કૈલાશ વિપુલ શાહ)
પ્રમુખ
ડીસા નગરપાલિકા



નં.પાનસેસ/પવડી/૨૩૨૦/૨૦૧૪-૧૫
નગર સેવા સદન, પાલનપુર
તા. ૭/૧૨/૨૦૧૪

### ઓનલાઈન જાહેર નિવિદા (૨૦૧૪-૧૫)

ચીફ ઓફીસરશ્રી, પાલનપુર નગરપાલિકા, પાલનપુર, પીન કોડ નં. ૩૮૫૦૦૧ ફોન નં. :૦૨૭૪૨-૨૫૭૩૭૨ની કચેરીએથી ઓન લાઈન ટેન્ડર પાલનપુર નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં સી.સી. રોડ, ડામર રોડ તેમજ પેવર બ્લોક લગાવવા કામે સરકારશ્રીની યોજના હેઠળ માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com તથા www.satettenders.com ઉપર જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. આ કામોની વિગત નોટીસ બોર્ડ ઉપર તા. ૨૬/૧૨/૨૦૧૪થી જોઈ શકાશે. આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી રહેશે.
(૧) ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૫/૧/૨૦૧૫ રાખવામાં આવેલ છે.
(૨) ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ : ૭/૧/૨૦૧૫ રાખવામાં આવેલ છે.
(૩) ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખ : ૮/૧/૨૦૧૫ રાખવામાં આવેલ છે.

| અ. નં. | કામની વિગત | (૧) અંદાજી રકમ (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | પાલનપુર શહેરના જુદા જુદા વિસ્તારમાં વ્યવસાય વેરા યોજના હેઠળ મંજુર થયેલ કામો સી.સી. રોડ તેમજ ડીવાઈન્ડર બનાવવા કામે. (કુલ-૩ કામ) | (૧) રૂ. ૧૭,૭૯,૮૫૪/- (૨) રૂ. ૧૭,૮૦૦/- (૩) રૂ. ૨૪૦૦/- |
| ૨. | શ્રી નટુભાઈ આચાર્યના ઘરથી શક્તિ સ્વીટ માર્ટના ઘર થઈ મનુભાઈ માળીના ઘર સુધી સી.સી. રોડ બનાવવાના કામે (મનોરંજ યોજના) | (૧) રૂ. ૩,૯૦,૧૭૭/- (૨) રૂ. ૩,૯૧૦/- (૩) રૂ. ૬૦૦/- |
| ૩. | ત્રણબત્તી ચોકથી નાની બજાર ચોક સુધી ડામર રોડ બનાવવા કામે (સ્વર્ણિમ જયંતિ યોજના) | (૧) રૂ. ૧૮,૧૧,૯૭૩/- (૨) રૂ. ૧૮,૧૧૦/- (૩) રૂ. ૨૪૦૦/- |
| ૪. | પાલનપુર શહેરના ઓવર બ્રીજના છેડે પથિકાશ્રમથી સીટીલાઈટ રોડ થઈ સંજયચોક સુધી તેમજ શ્રી ગલબાભાઈના સર્કલથખી કુંવરબા સ્કૂલ જવાના રસ્તે ફુટપાથ બ્લોક પેવીંગનું કામ કરવા માટે (જીલ્લા આયોજનની ગ્રાંટ) | (૧) રૂ. ૨૭,૮૮,૧૮૮/- (૨) રૂ. ૨૭,૮૯૦/- (૩) રૂ. ૨૪૦૦/- |

સહી/- (એસ. કે. ગરેવાલ) મુખ્ય અધિકારી
સહી/- (અશોક બી. ઠાકોર) ચેરમેન
સહી/- (હસમુખભાઈ એમ. પઢિયાર) પ્રમુખ

પાલનપુર નગરપાલિકા
ક્રમાંક : નામાનિ/પાલન/૪૦૪/૨૦૧૪-૧૫



ગુજરાત રાજ્ય
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### જાહેર નિવિદા નં. ૨ વર્ષ ૨૦૧૪-૨૦૧૫

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ પેટા વિભાગ, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ કામના અનુભવી ઈજારદારશ્રી પાસેથી બી-૧ કરારવાળા ફોર્મમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા સીલબંધ કવરમાં ભાવો નીચેની વિગતોએ મંગાવવામાં આવે છે. વધુ લિગતો માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.
(૧) ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ : ૨૯/૧૨/૨૦૧૪ (૧૬.૦૦ કલાક સુધી)
(૨) ભાવપત્રકો પરત લેવાની છેલ્લી તારીખ : ૫/૧/૨૦૧૫ (૧૬.૦૦ કલાક સુધી)
(૩) ટેન્ડર ખોલવાની તારીખ : ૬/૧/૨૦૧૫ (૧૨.૦૦ કલાક) (શક્ય હશે તો)

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ (રૂ.) ૨) બાનાની રકમ (રૂ.) ૩) ટેન્ડર ફી (રૂ.) ૪) ઈજારદારની શ્રેણી |
|---|---|---|
| ૧ | સ્ટેટ વૉટર ડેટા સેન્ટર ગાંધીનગર બિલ્ડીંગમાં ભોંયતળીયે આવેલ પોર્ચના કોલમમાં એલ્યુમિનિયમ કમ્પોઝીટ પેનલીંગની કામગીરી (બીજો પ્રયત્ન) | ૧) ૫૩૧૭૩.૨૬ ૨) ૫૩૫/- (૧૮૦ દિવસની મુદતની) ૩) ૩૦૦/- ૪) આવા પ્રકારના કામના અનુભવી |
| ૨. | ઉનાવા રાંધેજા વાવોલ કાંસની સાંકળ ૪૫૩૦ મી. અને નારદીપુર સરઢવ કાંસની સાંકળ ૨૭૮ મી. અને ૩૮૬૦ મી. ઉપર આવેલ હયાત | ૧) ૨૭૨૧૩૯.૫૧ ૨) ૨૭૨૫/- (૧૮૦ દિવસની મુદતની) ૩) ૬૦૦/- ૪) ઈ.૨ અને ઉપરના |

માહિતી/૨૦૧૧/૨૦૧૪-૧૫



### જાહેરાત

## ડીસા નગરપાલિકા, ડીસા

### વેરા વસુલાતનો ઈજારો આપવા બાબત

ડીસા નાગરપાલિકા પોતાની વેરા શાખામાં કરવેરાની પાછલી બાકીની વસુલાત માટે ઈજારો આપવા માંગે છે. તો આ કામ અંગે અનુભવ ધરાવતી એજન્સી પાસેથી નિયત નમુનામાં ટેન્ડરોમાં ભાવોની ઓફર મંગાવવામાં આવે છે. તે અંગેનાનિયત નમુનાના કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન તા. ૨૬/૧૨/૨૦૧૪ ને સમય ૪-૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર ફી (નોન રીફંડેબલ) રોકડેથી ભરી અરજી આપેથી ઈસ્યુ કરવામાં આવશે. આ કામે જરૂરી બાનાની રકમ ફક્ત એફ.ડી.આર.થી 'ચીફ ઓફીસર ડીસા નગરપાલિકા'ના નામની ભરેલ ટેન્ડર દસ્તાવેજ સાથે બિડવાની રહેશે. ટેન્ડર દસ્તાવેજ સાથે આવા કામના અનુભવની વિગતો પણ સામેલ કરવાની રહેશે.

સંપૂર્ણ વિગતો સાથેના સીલબંધ ટેન્ડર તા. ૩૧/૧૨/૨૦૧૪ને સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી 'ચીફ ઓફીસર, ડીસા નગરપાલિકા, ડીસા'ની કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. નિયત સમય મર્યાદામાં આવેલ ટેન્ડરો શક્ય હશે તો તે દિવસે સાંજે ૫.૦૦ કલાકે સંબંધિત એજન્સીની ઉપસ્થિતિમાં ખોલવામાં આવશે. શરતી ટેન્ડરો તથા મોડા આવેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં. આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ ટેન્ડર કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય મંજુર યા નામંજુર કે રદ કરવાનો ડીસા નગરપાલિકાનો હક્ક અબાધિત રહેશે.

તારીખ : ૧૮/૧૨/૨૦૧૪

(જગદીશ વી.જોશી) ટેક્ષ સુપ્રિટેન્ડેન્ટ ડીસા નગરપાલિકા
(હેમંત બી. પટેલ) મુખ્ય અધિકારી ડીસા નગરપાલિકા
(શ્રીમતી કૈલાશ વિપુલ શાહ) પ્રમુખ ડીસા નગરપાલિકા